# સૈનિક સ્કૂલ બાલાચડી ખાતે રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી કરાઈ








જામનગર : ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ જામનગરની સૈનિક સ્કૂલ બાલાચડી ખાતે સ્વામી વિવેકાનંદની ૧૬૩મી જન્મજયંતિની ઉજવણી રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે ખૂબ જ ઉત્સાહ અને શ્રદ્ધા સાથે કરવામાં આવી હતી.

આ પ્રસંગે, મહાન સ્વપ્નદ્રષ્ટા અને યુવા પ્રતિમા, સ્વામી વિવેકાનંદને શ્રદ્ધાંજલિ આપવા માટે પ્રેરણાદાયી કાર્યક્રમોની શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ઓડિટોરિયમમાં આયોજિત કાર્યક્રમની શરૂઆત સ્વામી વિવેકાનંદના શિકાગો ધર્મ સંસદ (૧૮૯૩) માં આપેલા ઐતિહાસિક ભાષણની શક્તિશાળી રજૂઆતથી થઈ હતી, જે કેડેટ નંદિની કલસરિયા દ્વારા રજૂ કરવામાં આવી હતી.

કેડેટ અનન્યાએ સ્વામી વિવેકાનંદના વિચારો પર વાત કરી, કેડેટ યુવરાજે આજના વિશ્વમાં તેમના વિચારોની સુસંગતતા પર પ્રકાશ પાડ્યો, કેડેટ ધ્વનીએ રાષ્ટ્રીય વિકાસ માટેના તેમના દ્રષ્ટિકોણ પર વિગતવાર વાત કરી અને કેડેટ સિદ્ધાર્થે સ્વામી વિવેકાનંદ દ્વારા કલ્પના કરાયેલ મહિલા સશક્તિકરણ પર વાત કરી.

સ્વામી વિવેકાનંદનું જીવનચરિત્ર અને જીવન ઈતિહાસ્ અને વિડીયો દ્વારા અસરકારક રીતે રજૂ કરવામાં આવ્યું હતું, જે તેમની પ્રેરણાદાયી યાત્રામાં ઊંડી સમજ આપે છે. ટ્રેન ઘટના, રેસ્ટોરન્ટ ઘટના, ડ્રેસ ઘટના, લાઈબ્રેરી ઘટના અને વાંદરા ઘટના સહિત રસપ્રદ અંગ્રેજી અને હિન્દી દ્વારા તેમના જીવન મૂલ્યોનું પ્રદર્શન વધુ કરવામાં આવ્યું હતું, જેને પ્રેક્ષકો દ્વારા ખૂબ પ્રશંસા મળી હતી. કેડેટ આર્યવીર પારેખે ગીતા મંત્રોચ્ચારથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા, જ્યારે કેડેટ શ્રેષ્ઠ જાડેજા અને કેડેટ હેમ્યરાજસિંહ જાડેજાએ તલવાર રાસ દ્વારા પ્રભાવશાળી તલવારબાજી કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું, જેને ખાસ તાળીઓ મળી હતી. બાલનિકેતન પ્રાથમિક શાળાના કેડેટ્સે પણ સ્વામી વિવેકાનંદના ભાષણો અને અવતરણો રજૂ કરીને ભાગ લીધો હતો.


રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે, ઉપસ્થિત તમામ લોકોએ પ્રતિજ્ઞા લીધી હતી. સૈનિક સ્કૂલ બાલાચડીના આચાર્ય કર્નલ શ્રેયશ મહેતાએ વિવિધ સ્તરે હાથ ધરવામાં આવતી વિવિધ દ્વઝઝ પ્રવૃત્તિઓમાં સિદ્ધિઓ બદલ કેડેટ રિષવ, કેડેટ રણવિજય, કેડેટ દર્શિત, કેડેટ શશી શેખર, કેડેટ લક્ષ્મી અને કેડેટ વિભાંશુને મેડલ અને પ્રમાણપત્રો અર્પણ કર્યા હતા. પ્રિન્સિપાલે તેમના સંબોધનમાં, તમામ સહભાગીઓને તેમના ઉત્તમ પ્રદર્શન બદલ અભિનંદન આપ્યા હતા.તેમણે ભારપૂર્વક જણાવ્યું કે કેડેટ્સ રાષ્ટ્રના વર્તમાન અને ઉભરતા ભવિષ્યનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે તેમને પોતાના પર વિશ્વાસ રાખવા પ્રોત્સાહિત કર્યા અને જીવનના લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં પ્રયાસો, સંઘર્ષ અને સફળતાના મહત્વ પર પ્રકાશ પાડ્યો. તેમણે કેડેટ્સને આત્મનિર્ભરતા, સ્વ-નિર્ભરતા અને આત્મવિશ્વાસના શપથ લેવા પણ વિનંતી કરી. આ કાર્યક્રમનું સફળતાપૂર્વક સંકલન શ્રી મયુરા જોશી, ટીજીટી મેથેમેટિક્સ દ્વારા કરવામાં આવ્યું હતું, જેઓ આ કાર્યક્રમના ઈન્ચાર્જ હતા.

## જિલ્લા સહકારી બેંકના ત્રણ અધિકારીઓને પુનઃ નોકરીમાં લેવાની માંગણી નામંજુર

જામનગર : જામનગરની જાણીતી સહકારી બેંક ધી જામનગર ડીસ્ટ્રીકટ કો-ઓપરેટીવ બેક લી.માં ઓફીસર તરીકે ફરજો બજાવી રહેલા કિરીન ઓઝા, સંજીવ ત્રીવેદી તથા જીતેન પટેલની અન્ય શાખામાં બ્રાંચ મેનેજર તરોકે બદલી કરવામાં આવી હતી. ત્રણેય કર્મચારીઓ પોતાની મરજી મુજબની જગ્યાએ નોકરી કરવી હોય જેથી લાંબા સમયગાળા સુધી બદલી પામેલી જગ્યાએ હાજર થયા ન હતા અને ગેરહાજર રહેવા અંગેની કોઈ જ મંજુરી મેળવવામાં આવી ન હતી, જેથી આ ત્રણેય કર્મચારીઓને બેંકની કેર ટેક કમીટી દ્વારા લેખીત હુકમ કરી લાંબી ગેર હાજરીના કારણે બરતરફ કરાયા હતા.

આ હુકમને સદરહુ કર્મચારીઓ દ્વારા મજુર અદાલત સમક્ષ ધી ગુજરાત ઔધોગીક સબંધક અધિનીયમ, ૧૯૪૪ની જોગવાઈઓ, હેઠળ પડકારવામાં આવ્યો હતા અને જે કેસમાં સદરહુ કર્મચારીઓ બેંકના ઉચ્ચ હોદા પર અને વહીવટી કામગીરી કરી રહ્યા હોય જેથી તેઓ મજુરની વ્યાખ્યામાં આવતા ન હોવાની હકીકતો કોર્ટના રેકર્ડ પર લાવવામાં આવી હતી અને આ કેસોમાં બેંક તરફે સાહેદ તરીકે બેંકના ઈન્ચાર્જ જનરલ મેનેજર અલ્પેશ મોલીયાને તપાસમાં આવ્યા હતા અને તેઓ દ્વારા પણ ત્રણેય કર્મચારીઓ કામદારની વ્યાખ્યામાં આવતા ન હોવાની જુબાની આપવામાં આવી હતી જે જુબાનીને અને તેના સમર્થનમાં ગુજરાત હાઈકોર્ટ તથા સર્વોચ્ચ અદાલતના જુદા-જુદા ચુકાદાઓ. રજુ કરવામાં આવ્યા હતા. આ ચુકાદાઓને તથા કરવામાં આવેલી દલીલોને ધ્યાને લઈને આ ત્રણેય કર્મચારીઓ દ્વારા ધી જાનમનગર ડીસ્ટ્રીકટ કો-ઓપરેટીવ બેંક લી. વિરૂદ્ધ કરવામાં આવેલી પુનઃસ્થાપીત અંગેનો કેસ રદ કરવામાં આવેલ છે. આ કેસમાં ડીસ્ટ્રીકટ બેંક તરફે વકીલ હમીદ એચ. દેદા રોકાયેલ હતા.

## ખંભાળીયામાં વીરદાદા જશરાજના શૌર્યદિન નિમિતે રઘુવંશી સમાજનું સમૂહ ભોજન યોજાશે



દ્વારકા : રઘુવંશી રામાજના પૂજનીય વીરદાદા જશરાજજીની પૂણ્યતિથિ શૌર્યદિન નિમિતે આગામી તા.૨૨-૧-૨૦૨૬ રોજ ખંભાળીયાના રઘુવંશી અગ્રણી અને જ્ઞાતિના ટ્રસ્ટી કમલેશભાઈ વિઠલાણી પરિવાર દ્વારા જ્ઞાતિના સમૂહ પ્રસાદ (નાત) નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

જેની પૂર્વ તૈયારીના ભાગરૂપે ગઈકાલે બેઠક રોડ પર આવેલી નવી મહાજન વાડી ખાતે જ્ઞાતિના ટ્રસ્ટીઓ, આગેવાનો, કાર્યકરો સાથે ખાસ બેઠક યોજાઈ ગયેલ. જેમાં રઘુવંશી સમાજની નાત કરવા અંગેના નિર્ણયને સર્વે જ્ઞાતિજનોએ આવકારેલ. જ્ઞાતિના કાર્યકરો તથા રઘુવંશી સમાજની વિવિધ સંસ્થાઓ પણ આ સમગ્ર આયોજનમાં જોડાઈને ખભે-ખભા મિલાવી કામ કરશે તેવો પ્રતિસાદ એક સૂરે આપવામાં આવ્યો હતો. સમૂહ ભોજનના કાર્યક્રમમાં ખંભાળીયા તેમજ આસપાસના ગામોના જ્ઞાતિજનો જોડાય અને લાભ લે તે માટે યજમાન કમલેશભાઈ વિઠલાણી દ્વારા જ્ઞાતિજનોને જાહેર અનુરોધ કરેલ છે.

## ધ્રોલ પંથકના પાંચ ગામોની બહેનો માટેનો અંધશ્રદ્ધા નિર્મૂલન કાર્યક્રમ યોજાયો

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલમાં ઈન્દુભાઈ રાવલ ટ્રસ્ટના સહયોગથી ગુજકોસ્ટ, ગાંધીનગર પ્રેરિત અને એમ ડી મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ ધ્રોલ સંચાલિત શ્રી એમ ડી મહેતા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ધ્રોલ અને એફ પ્રો બી સી આઈ પ્રોજેક્ટ દ્વારા ધ્રોલ વિસ્તારની આજુબાજુના પાંચ ગામોની ૧૬૦ મહિલા બહેનો માટે "અંદ્ધશ્રદ્ધા નિર્મૂલન" કાર્યક્રમનું આયોજન ધ્રોલના પટેલ સમાજમાં કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં કેન્દ્રના ડો સંજય પંડ્યાએ શ્રદ્ધા અને અંધશ્રધા અંગેનો ભેદ સમજાવ્યો હતો, સાથે કંકુ પગલા, નાળીયેરમાંથી ચૂંદડી ચોખા , કંકુ તિલક વગેરે પ્રયોગો અને તેનું વિજ્ઞાન સમજાવ્યું હતું. સાથે સાથે પ્રોજેક્ટ મેનેજર બંસલ દ્વારા ક્લાયમેટ ચેન્જ, જેન્ડર લીડ હિરલબેન દ્વારા મહિલા ના અધિકારો વિશે તેમજ આરસેટી ,મિશન મંગલમ અને આત્મા ધ્રોલ દ્વારાની એસ.એચ.જી. રચના અને તેના દ્વારા બહેનોની આજીવિકા માં વધારો થાય, અને રોજગાર લક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન પીયુ મેનેજર પ્રવીણભાઈ ગોધાણી દ્વારા કરવામાં આવ્યું હતું અને એફ એફ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.





## દેવભૂમિ દ્વારકામાં મકરસંક્રાંતિ પર્વમાં જરૂરિયાતમંદ ૨૦૧ પરિવારને અન્નનું વિતરણ



દ્વારકા : શ્રી રઘુવંશી સોશ્યલ ગ્રુપ, શ્રી જલારામ મંદિર દ્વારકા દ્વારા યજમાન મે. રૂઘાણી બ્રધર્સ કાંતિભાઈ રૂઘાણી તથા રૂઘાણી પરિવાર, મુંબઈના સહયોગથી ૨૦૧ જરૂરિયાતમંદ પરિવારને અનાજ કીટ, ધાબળા, સ્ટીલ લોયા, તલસાંકળી, ખીચડાનું વિતરણ યજમાન પરિવારની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ. મુંબઈથી આવેલ યજમાન પરિવાર તથા સાઉથ આફ્રિકા થી આવેલ પ્રકાશ ત્રિકમ પરિવારનું શ્રી દ્વારકાધીશજીના ઉપરણા તથા મોમેન્ટો દ્વારા ટ્રસ્ટી મંડળના સભ્ય અશ્વિનભાઈ ગોકાણી, કે. જી. હિંડોચા, નટુભાઈ રૂપારેલિયા તેમજ ઈશ્વરભાઈ ઝાંખરિયા દ્વારા સ્વાગત સહ સન્માન કરેલ.

## જામનગરમાં મનોદિવ્યાંગ બાળકોનો સ્પેશ્યલ ખેલ મહાકુંભ યોજાયો



જામનગર : જામનગરમાં મનોદિવ્યાંગ બાળકો માટેની કાર્યરત સંસ્થા ૐ ટ્રેનિંગ સેન્ટર મનોદીવ્યાંગ બાળક માટેની તાલીમ સંસ્થા જે હમેશા મનોદીવ્યાંગો માટે કાર્ય કરતી સંસ્થા છે.જેમા ૫ વર્ષ થી ૬૫ વર્ષના મનોદીવ્યાંગો આ સંસ્થાનો લાભ લઈ રહ્યા છે .

આ સંસ્થા લોકોના સહયોગથી ચાલતી સંસ્થા છે. આ સંસ્થા હમેશા મનોદીવ્યાંગોના જીવનમા ઉત્સાહ વધારવાની તેમજ તેમનામા રહેલી સુસૂપ્ત શકતીઓને જગાડીને તેમને લોકો સુધી પહોચાડવાનુ કામ કરવામા આવે છે. હાલમાં સ્પેશિયલ ખેલ મહાકુંભ હિંમતનગર ખાતે રમાઈ રહ્યો છે, તેમા ૐ ટ્રેનિંગ સેન્ટર મનોદીવ્યાંગ બાળકોની તાલીમ સંસ્થામાથી ૧૧ મનોદીવ્યાંગો અલગ અલગ રમતમા જીલ્લામાથી પ્રથમ નંબર પર આવ્યા છે. તે ખેલ મહાકુંભમાં ભાગ લેવા રાજયની રમતમાં જઈ રહયા છે . જેમા (૧) યશ ભાવેશભાઈ વીછી -૨૫ મીટરદોડ.,(૨) હડબૂલ અબ્દુલા શબીરભાઈ -બોસી, (૩ )મહેક મનસુખભાઈ સાદીયા.-બોસી.(૪) જય નવીનભાઈ ભોજાણી -લોંગ જમ્પ , (૫ ) ચીરાગ ખેતીયા -૨૫ મીટરદોડ, (૬) દક્ષ રમેશભાઈ સોલંકી -૫૦ મીટરદોડ.અને ૧૦૦ મીટર દોડ.,( ૭) હાર્દિકકેતનભાઈ ખેરા બોસી.,( ૮ )મયુરી રાજેશ ભાઈ ફલીયા -૪૦૦ મીટરદોડ,.(૯) સ્વાતી રમેશભાઈ ગોડંલીયા -૧૦૦ મિટર વોક અને બોસી, (૧૦) સીમા મુકેશભાઈ રાયઠઠા સોફટબોલ થ્રો અને (૧૧)કોમલ જયેશભાઈ લખીયર બોસી તે તમામ ૐ ટ્રેનીગ સેન્ટરના મનોદીવ્યાંગો પોતે પોતાની શક્તિ અનુસાર રમીને ખુશ થશે, અને દરેક દીવ્યાંગો પોતાના સમાજનુ તેમજ જામનગર જીલ્લાનુ તેમજ દીવ્યાંગ માટે કામ કરતી સંસ્થા ૐ ટ્રેનીગ સેન્ટરનુ નામ રોશન કરશે.

## વોર્ડ નં. ૧ના ધરારનગરમાં ભૂગર્ભ ગટરના પાણી માર્ગો પર ફરી વળ્યાં




જામનગર : જામનગરના વોર્ડ નંબર-૧ના ધરારનગર-૧ માં ભૂગર્ભ ગટરો છલકાઈ રહી છે, પરંતુ જામ્યુકોના અધિકારીઓ ધ્યાન આપતા નથી. બીજી તરફ ભૂગર્ભ ગટરની સફાઈ માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે.

શહેરના ધરારનગર-૧ માં આજે પણ ભૂગર્ભ ગટર ઉભરાઈ જતા તેના ગંદા પાણી જાહેર રોડ ઉપર ફરી વળ્યા હતાં. પરિણામે આ માર્ગથી રાહદારીઓને પસાર થવું પણ મુશ્કેલ બની રહ્યું છે. આ બાબતે એસ.આઈ., એસએસઆઈ અને ભૂગર્ભ ગટર શાખામાં સંબંધિત અધિકારીઓને જાણ કરવા છતાં કોઈ પગલાં લેવામાં આવતા નથી. બીજી તરફ સમગ્ર વોર્ડમાં ચોતરફ ગંદકી જોવા મળે છે, અને પરિણામે રોગચાળો પણ વધ્યો છે. તેવી રજૂઆત સામાજિક કાર્યકર અનવર સંઘારે કરી છે.

## જામનગરની શ્રી વૃંદાવન ગૌશાળામાં દાતાઓ દ્વારા મકરસંક્રાંતિ પર્વે ૫૦૦ ગૌ માતાઓને લાડુનું વિતરણ






જામનગર : જાંબુડા ખાતે આવેલી શ્રી વૃંદાવન ગૌશાળા દ્વારા મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે ૫૦૦ થી વધારે ગૌ માતા, નંદી, વાછરડાઓને ૨૦૦૦ હજાર કિલો લાડુના પ્રસાદનું ભોજન કરાવવામાં આવ્યું હતું.

આ સેવા કાર્યમાં મૂખ્ય મહેમાન એપી.એમ.સી ઈન્સ્પેક્ટર ઘનશ્યામભાઈ વાદી, જયંતીભાઈ વાદી, અરજણભાઈ રાઠોડ, ધર્મ ઈન્ડસ્ટ્રીઝના ગંભીરસિંહ સોઢા, જે .જે જાડેજા, વશરામભાઈ રાઠોડ, વલ્લભભાઈ પટેલ, નાગાજર હિતેશભાઈ પટેલ, નવીન ચણોલ, જીતેશભાઈ પારેખ, અને જીવ દયા ગ્રુપ ના રાકેશભાઈ વોરા, જાંબુડા ના સરપંચ મનસુખભાઈ પરમાર તથા ઉપસરપંચ બાબુભાઈ ભરવાડ ઉપસ્થિત રહ્યા હતા. આ ગૌશાળામાં હાલ નંદી, વાછરડા, તથા ગૌમાતા મળી પાંચસો થી વધુ મૂંગા પશુઓનું પાલન કરવામાં આવે છે. શ્રી વૃંદાવન ગૌશાળા ટ્રસ્ટ ના પ્રમુખ ચંદુભાઈ એન.રાજયગુરૂ દ્વારા દાતાઓને આર્થિક સહયોગ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે, અને (૯૭૧૨૫૭૪૭૭૨) નો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# કલ્યાણપુર અને તળાજાની માઈનિંગ કંપનીઓ દ્વારા રૂપિયા ૧૬૦ કરોડના થયા એમઓયુ





દ્વારકા : રાજકોટ ખાતે તા. ૧૨ જાન્યુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં હસ્તે રાજકોટ સ્થિત મારવાડી યુનિવર્સિટી ખાતે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરાયું હતું. આ કોન્ફરન્સના બીજા દિવસે, એટલે કે ૧૨ જાન્યુઆરીના રોજ વિવિધ વિષયો ઉપરના બી.ટુ.બી. અને બી.ટુ.જી.ની સાથોસાથ ઈગ્નાઈટિંગ ધ ફ્યુચરઃ ગુજરાત માઈનિંગ રિવોલ્યુશનની થીમ ઉપર સેમિનાર યોજાયા હતા, જેમાં રાજ્યના જિયોલોજી એન્ડ માઈનિંગ વિભાગ દ્વારા ઉદ્યોગ સાહસિકો સાથે ગુજરાતમાં માઈનિંગ રિવોલ્યુશનના વિષય ઉપર પરિસંવાદ યોજાયો હતો.

આ તકે દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાની એલ.એન્ડ એસ. કંપની દ્વારા રૂ.૧૦૦ કરોડના એમઓયુ થયા હતા, જેના થકી ૧૦૦ જેટલા લોકોને રોજગારી મળી શકશે. જ્યારે ભાવનગર જિલ્લાના તળાજાના વિરેન્દ્રસિંહ સાવરિયા દ્વારા રૂ. ૬૦ કરોડના એમઓયુ કરાયેલ છે, જેમાં ૭૫ જેટલા લોકોને રોજગારી મળી શકશે.

આ પ્રસંગે, જી.એમ.ડી.સી.ના મેનેજિંગ ડાયરેકટર રૂપવતસિંઘ (આઈ.એ.એસ.), ખાણ ખનીજ વિભાગના કમિશનર ધવલ પટેલ (આઈ.એ.એસ.) ની પ્રેરક ઉપસ્થિતિમાં જી.એસ.આઈ.ના ડાયરેકટર ડો. બિજયકુમાર દાસ, સિનિયર જીઓલોજીસ્ટ શ્રી સુમિત ચૌહાણ, જી.એમ.ડી.સી.ના સિનિયર અધિકારી સ્વાગત રે, રજત દાસ, પ્રોપેલ ઈન્ડસ્ટ્રીઝના નિરવ નેવાસ્કર, પી.ડબલ્યુ.સી.ના એસોસિયેટ ડિરેક્ટર અભિનવ સેનગુપ્તા દ્વારા પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યા હતા. આ પરિસંવાદમાં માઈનીંગ ક્ષેત્રના વિવિધ નિષ્ણાતો દ્વારા મિનરલ એકસપ્લોરેશન, ક્રિટીકલ એન્ડ સ્ટ્રેટેજીક મિનરલ પોટેન્શિયાલીટી ઓફ ગુજરાત, મિનરલ પ્રોસેસીંગ વગેરે વિષયો ઉપર પ્રેઝન્ટેશન રજૂ કરાયા હતા. જેમા આધુનિક ટેકનોલોજી, પ્રોડક્શન કઈ રીતે વધારવું, માઈનીંગ ઉધોગકારો માટે સરકારની પ્રોત્સાહક યોજના, માઈનીંગ ક્ષેત્રમાં તક અને ચેલેન્જ અંગે વિસ્તૃત ચર્ચા કરાઈ હતી.

માઈનિંગ સેકટર માટે અતિમહત્વના કહી શકાય તેવા આ પ્રસંગે, ખાણ અને ખનીજ વિભાગ તરફથી એડિશનલ ડિરેક્ટર એસ. જે. ચાવડા, સિનિયર જીઓલોજિસ્ટ એન. એ. પટેલ, આસિસ્ટન્ટ જીઓલોજીસ્ટ ડૉ. પ્રતિક શાહ પણ હાજર રહ્યા હતા. સાથોસાથ ખૂબ જ મોટી સંખ્યામાં ઉદ્યોગ સાહસિકો અને રોકાણકારોએ ઉપસ્થિત રહી આ પ્રસંગની શોભા વધારી પ્રસંગને સફળ બનાવ્યો હતો.

## નિષ્ઠાપૂર્વક કામગીરી કરનાર ટ્રાફિક પોલીસનું સન્માન



જામનગર : જામનગરની ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા મનોહરસિંહ વનરાજસિંહ ઝાલા કે જેઓએ ગત ૨૦૨૫ ના વર્ષ દરમિયાન ટ્રાફિકને લગત વાહન ચાલકો પાસેથી સમાધાન પેટે ૧૫,૨૬,૫૦૦ જેટલો દંડ વસૂલ કરી ટ્રાફિક નિયમન કરવા અંગે નિષ્ઠાપૂર્વકની કામગીરી કરવામાં આવી હતી જેથી એસ.પી. ડો. રવિ મોહન સૈની દ્વારા મનોહરસિંહ ઝાલાને પ્રશંસા પત્ર એનાયત કર્યો હતો, અને વિશેષથી સન્માન કર્યું હતું.

## ઓખામંડળ ક્ષત્રિય વાઘેર સમાજનું ગૌરવ



મીઠાપુર : દ્વારકા નજીકના શિવરાજપુર ગામની દીકરી જ્યોતિ જુવાનસિંહભા નાયાણીની ગ્રેજ્યુએટ માં પસંદગી થવા પામી છે. જેને લઈ પરિવાર તેમજ સમગ્ર ઓખામંડળનુ ગૌરવ વધાર્યું છે.

## અવસાન નોંધ

જામનગર : જામનગર નિવાસી સરલાબેન કિશોરચંદ્ર મજીઠિયા (ઉ. વ. ૬૫) તે કિશોરચંદ્ર ગીરધરલાલ મજીઠિયાના પત્ની તથા રમેશચંદ્ર મજીઠિયાના નાનાભાઈના ભાભી તથા ભાવિન, કૌશિકના માતા તથા બીના, ઈશીતાના સાસુ તથા ધવિતના દાદી તથા કાંતિલાલ ગીરધરલાલ તન્નાના પુત્રીનું અવસાન તા. ૧૬ના રોજ થયેલ છે. ઊઠમણુ/પીયર પક્ષની સાદડી : તા. ૧૭ શનિવાર સાંજે ૫ થી ૫:૩૦ પાબારી હોલ, તળાવની પાળ જામનગર ખાતે રાખેલ છે.

જામનગર : સ્વ. કનકરાય અમૃતલાલ વ્યાસ (અવદિચ ઝાલાવાડી બ્રાહ્મણ) (ઉં.વ. ૯૩) તે દીપકભાઈ, વિજયભાઈ, મમતાબેન (ડોલીબેન) તથા સંગીતાબેનના પિતાજી તા. ૧૬ના રોજ અવસાન પામેલ છે. સદગતનું બેસણું તા. ૧૭ શનિવારના રોજ સાંજના ૫ થી ૫.૩૦ સુધી જડેશ્વર મહાદેવ મંદિર, પટેલ કોલોની શેરી નંબર ૫/૬, જામનગર મુકામે રાખેલ છે.